### ૩ વર્ષના લગ્ન ગાળા દરમિયાન સંતાન ન થતા સાસરીયાઓ દ્વારા ત્રાસ અપાતો હોવાનો આક્ષેપ

# બાજવામાં પ્રેમલગ્ન કરનાર પરિણીતાનું શંકાસ્પદ મોત, હત્યા કે આત્મહત્યા?

**સ્યુસાઇડ** નોટ લખ્યા બાદ પોતાના ઘરમાં જ યુવતીએ ફાંસો ખાધો, પીએમ બાદ ચોક્કસ કારણ બહાર આવશે



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરના બાજવા વિસ્તારમાં 27 વર્ષીય પરિણીતાલનું શંકાસ્પદ હાલતમાં મોત થતા ચકચાર મચી જવા પામી છે. ત્રણ વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરનાર યુવયીનો ઘરમાંથી લટકતો મૃતદેહ મળી આવતા આ મામલો આત્મહત્યા છે કે હત્યા તે અંગે સવાલો ઊભા થયા છે. યુવતીના પિયર પક્ષ દ્વારા સાસરીયાઓ સામે આક્ષેપ ગતિ આક્ષેપ કરી પોલીસ કાર્યવાહીની માંગ કરી છે

મળતી માહિતી મુજબ, બાજવા વિસ્તારમાં રહેતી હોવાથી પોતાના મનપસંદ યુવક સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્નના ત્રણ વર્ષ બાદ પણ સંતાન ન થતા સાસરી પક્ષ દ્વારા પાયલને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાના આક્ષેપો પરિવારજનોએ કર્યા છે. શુક્રવારના રોજ પાયલનો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો જેથી આ યુવતીના મૃતદેહને હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જેને જાણ થતા યુવતીના પિયર પક્ષના લોકો પણ હોસ્પિટલે દોડી આવ્યા હતા.

મૃતકની માતા ચંપાબેને સાસરીયાઓ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે તેમની દીકરીએ આપઘાત કર્યો નથી પરંતુ તેની હત્યા કરી મૃતદેહને લટકાવી દેવાયો છે. પરિવારજનોએ આરોપ મૂક્યો છે કે પાયલને સતત ત્રાસ આપવામાં આવતો હતો. સમગ્ર મામલે પાયલના પરિવારજનોએ સાસરી પક્ષ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું ચોક્કસ કારણ બહાર આવશે અને ત્યારબાદ જ પોલીસમાં કાર્યવાહી કરશે.

એસીપી ચંદ્રસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે મૃતક યુવતી પાસેથી એક સુસાઇડ નોટ પણ મળી આવી છે. માતાના આક્ષેપ મુજબ હાલમાં પતિ સાસુ સસરા સહિતના પાંચ લોકો સામે દુષ્પ્રેરણા નો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## શનિ મિત્ર મંડળ દ્વારા શનિ જન્મોત્સવ નિમિત્તે યજ્ઞ હવન



(પ્રતિનિધિ) વડોદરા તા.16

સમા વિસ્તારમાં આવેલ ભાઈ અયપ્પા ગ્રાઉન્ડ ખાતે શનિ મિત્ર મંડળ સાથે રાજેશ ખંડેલવાલ અને મમતા ખંડેલવાલ દ્વારા છેલ્લા 5 વર્ષથી શ્રી શનિ જન્મોત્સવ નિમિત્તે હવન અને મહા પ્રસાદીનું આયોજન કરવામાં આવે છે. આ મહા પ્રસાદી માં 10 હજાર થી વધુ ભક્તો પ્રસાદીનો લાભ લે છે. આજે શ્રી શનિ જન્મોત્સવ નિમિત્તે શનિ મિત્ર મંડળ દ્વારા એક નવી પહેલ કરાઈ છે. સમામાં રહેતા લોકોને રકતની જરૂરિયાત સાથે જરૂરિયાત મંદ લોકોને આર્થિક સેવા મળી રહે તે હેતુથી આજે ગ્રુપ બનાવવામાં આવ્યું હતું. રાજેશભાઈ અગ્રવાલ એ જણાવ્યું હતું કે, આ સમગ્ર આયોજન માં શનિ મિત્ર મંડળ ના કાર્યકરો અને વિસ્તાર ના લોકો થી આ કાર્યકમ સફળ બન્યો હતો.

## કાળઝાળ ગરમીનો કહેર યથાવત : તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

વડોદરા શહેરમાં ઉનાળાની ગરમી યથાવત રહી છે. શનિવારે શહેરનું મહત્તમ તાપમાન 41.0 ડીગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 29.2 ડીગ્રી રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સવારે ભેજનું પ્રમાણ 0% રહ્યું હતું, જે સાંજે વધીને 23% થયું હતું. સવારે ભેજ ન હોવાને કારણે ગરમ પવન અને લૂની અસર વધુ વર્તાઈ હતી. 41 ડિગ્રી તાપમાન અને અસહ્ય ગરમીના કારણે બપોરના સમયે રસ્તાઓ સુમસામ જોવા મળ્યા હતા. વૃદ્ધો, બાળકો અને બહાર કામ કરતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.


### દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલ: eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

#### વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી રઝલવાડા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭.૦૫.૨૦૨૬ (રવિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી કડવાલી ઈન્ડ | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭.૦૫.૨૦૨૬ (રવિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી ધોલી ઈન્ડ | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭.૦૫.૨૦૨૬ (રવિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી ચોકી એજી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭.૦૫.૨૦૨૬ (રવિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫ | ૬૬ કેવી આમદલા | તમામ ફીડર | ગરુડેશ્વર | ૯૮૭૯૭૭૬૭૪૭ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૬ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી પાનુડા જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૭ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ચૂલી એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી દાભવણ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૯ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી બેડવાણ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી લાછરસ એજી | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી અગર જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી સોઈકૂવા | ૧૧ કેવી ખાટા આશીત્રા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૮.૦૫.૨૦૨૬ (સોમવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી મંડાળા જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ભાટપુર એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ઘાંટોલી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી સોલીયા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ચિકદા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ગોપાલિયા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ખોપી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૦ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ટેલીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૧ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી ભચરવાડા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૨ | ૬૬ કેવી પાણેથા | તમામ ફીડર | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૩ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૪ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૯.૦૫.૨૦૨૬ (મંગળવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૫ | ૬૬ કેવી ઉમલ્લા | ૧૧ કેવી અવધૂત જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૬ | ૬૬ કેવી પ્રતાપનગર | ૧૧ કેવી ટીંબી જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૭ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૮ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૯ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી આંબાવાડી જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૦ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી કાકરપાડા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૧ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ગંગાપુર જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૨ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી જરગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૩ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી બુંજેઠા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૪ | ૬૬ કેવી લીમપુરા | ૧૧ કેવી ટાંકા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૦.૦૫.૨૦૨૬ (બુધવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૫ | ૬૬ કેવી નેત્રંગ | તમામ ફીડર | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૨૧.૦૫.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૬ | ૬૬ કેવી ઓરી | તમામ ફીડર | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૨૧.૦૫.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૭ | ૬૬ કેવી બોરદા | તમામ ફીડર | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૧.૦૫.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૮ | ૬૬ કેવી ઉમરાણ | ૧૧ કેવી મોસ્કુટ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૧.૦૫.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૯ | ૬૬ કેવી ઉમરાણ | ૧૧ કેવી વાડવા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૧.૦૫.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૦ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી મગરદેવ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૧.૦૫.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૧ | ૬૬ કેવી પોમલાપાડા | ૧૧ કેવી ધનોર એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૧.૦૫.૨૦૨૬ (ગુરુવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૨ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પોઈચા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૩ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી પાંચપીપળી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૪ | ૬૬ કેવી ભોગવડ | ૧૧ કેવી ખોચરપાડા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૫ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી રોઝઘાટ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૬ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી ઝાંક એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૭ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ઘાંટોલી જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૮ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી સોલીયા એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૯ | ૬૬ કેવી નામલપૂર | ૧૧ કેવી લીમડીયા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૦ | ૬૬ કેવી નામલપૂર | ૧૧ કેવી કાંડલેજ એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૨૨.૦૫.૨૦૨૬ (શુક્રવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૧ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી ઘાંટા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૨૩.૦૫.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૨ | ૬૬ કેવી રાજપારડી | તમામ ફીડર | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૨૩.૦૫.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૩ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી ગંગાપુર જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૩.૦૫.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૪ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી જરગામ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૨૩.૦૫.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૫ | ૬૬ કેવી ચિકદા | તમામ ફીડર | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૨૩.૦૫.૨૦૨૬ (શનિવાર) | ૦૭:૦૦ થી ૧૨:૦૦ |

નોંધ: કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઇ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો


### પૈસા ન લાવતાં દીકરાએ ૭૫ વર્ષીય માતાને ઘરમાં પ્રવેશ ન આપ્યો

# કળિયુગી પુત્ર : કામ ધંધો નહીં કરતા દીકરાએ વૃદ્ધ માતાને સંબંધી પાસે રૂપિયા માંગવા મોકલ્યા

**માતાએ** ૧૮૧ની મદદ માગતા અભયમે કરાવ્યું સમાધાન

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. જેમાં 75 વર્ષીય વૃદ્ધ માતાને તેમના જ દીકરાએ પૈસા ન લાવવાના કારણે ઘર બહાર કાઢી મુક્યા હતા. વૃદ્ધાએ અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરતા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને માતાને ફરી ઘરમા આશ્રય અપાવ્યો હતો. સાથે જ દીકરાનું કાઉન્સેલિંગ કરી પોતાની માતાની જવાબદારી નિભાવવાની સમજણ પણ આપવામાં આવી હતી.

વડોદરા શહેરમાં રહેતી વૃદ્ધ મહિલાએ અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી જણાવ્યું હતું કે તેમનો દીકરો તેમને સતત હેરાન પરેશાન કરે છે. જેથી મહિલા ટીમ સ્થળ પર પહોંચી વિગતવાર પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે મહિલાનો દીકરો નિયમિત નોકરી કરતો નથી અને ઘર ખર્ચ માટે માતાને સગા-સંબંધીઓ પાસેથી પૈસા માંગવા મોકલતો હતો. મહિલાની બહેને અત્યાર સુધી મદદ કરી હતી, પરંતુ નિવૃત્ત થયા બાદ હવે તેઓ આર્થિક મદદ કરી શકે તેવી સ્થિતિમાં નહોતા.

તેમ છતાં દીકરાએ વૃદ્ધ માતાને મહેસાણા પૈસા લેવા મોકલ્યા હતા. જોકે મહિલાને પૈસા ન મળતાં તેઓ ઘરે પરત ફર્યા હતા, ત્યારે દીકરાએ ઘરનો દરવાજો બંધ કરી તેમને અંદર પ્રવેશવાની મનાઈ કરી દીધી હતી. અભયમ ટીમે સ્થળ પર પહોંચી દરવાજો ખોલાવ્યો અને મહિલાને ફરી ઘરે આશ્રય અપાવ્યો હતો.

પછી દીકરાની કાઉન્સેલિંગ કરતા તેણે જણાવ્યું હતું કે તેનાથી મહેનતનું કામ થતું નથી અને માતા ઘર વેચવા તૈયાર નથી તેમજ પૈસા લાવતા નથી, જેથી ગુસ્સામાં આવી તેમને બહાર કાઢી મુક્યા હતા. અભયમ ટીમે દીકરાને સમજાવ્યું હતું કે માતાનું પાલન-પોષણ કરવું તેની ફરજ અને જવાબદારી છે. નાની-મોટી નોકરી કરી પોતાનું અને માતાનું ગુજરાન ચલાવવું જોઈએ તેમજ અન્ય લોકો પાસેથી સતત મદદની આશા રાખવી યોગ્ય નથી. સમજાવટ બાદ દીકરાએ માતાને ફરી ઘરમા રાખવા સંમતિ આપી હતી.

# કલેક્ટર કચેરી બહાર પડ્યો મોટો ભૂવો, વાહનચાલકોમાં ફફડાટ

**અકસ્માત** રોકવા રાહદારીઓએ જાતે જ વાંસના બાંબુ મૂકી લોકોને ચેતવ્યા



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરામાં કલેક્ટર કચેરી જેવા અત્યંત મહત્વના અને વ્યસ્ત વિસ્તારની બહાર જ રોડની મધ્યમાં અચાનક મોટો ભૂવો પડતાં શહેરના વહીવટી તંત્ર અને કોર્પોરેશનની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના સૌથી વધુ અવરજવર ધરાવતા માર્ગોમાં ગણાતા આ રસ્તા પરથી રોજ હજારો વાહનો પસાર થાય છે. આવી સ્થિતિમાં ભરચક માર્ગ પર અચાનક ભૂવો પડતાં વાહનચાલકો અને સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. સદનસીબે આ બનાવ સમયે કોઈ મોટો અકસ્માત સર્જાયો નહોતો અને કોઈ જાનહાનિ પણ થઈ નથી, પરંતુ જો કોઈ વાહનચાલક આ ભૂવામાં ખાબક્યો હોત તો ગંભીર દુર્ઘટના સર્જાઈ શકી હોત તેવી ચર્ચા લોકોમાં ચાલી રહી છે.

ઘટના બાદ સૌથી વધુ ચર્ચાનો વિષય તંત્રની બેદરકારી બની છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ભૂવો પડ્યાના કલાકો સુધી કોઈ અધિકારી કે કર્મચારી સ્થળ પર પહોંચ્યો ન હતો. કલેક્ટર કચેરી જેવા મહત્વના સરકારી ભવનની બહાર જ આવી સ્થિતિ સર્જાઈ હોવા છતાં તંત્રની નિષ્ક્રિયતા લોકોમાં રોષનું કારણ બની છે. આ દરમિયાન સ્થાનિક રાહદારીઓ અને નાગરિકોએ પોતાની જવાબદારી નિભાવી હતી. જોકે અંતે આ ભૂવાની કામગીરી કરવામાં આવી હતી.

# રેલવે સ્ટેશન પર બેટરી-ઓપરેટેડ કાર્ટ સેવાઓ શરૂ કરવામાં આવી

**સેવાનો** હેતુ વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો, સગર્ભા સ્ત્રીઓ અને તબીબી રીતે અસ્વસ્થ મુસાફરોને મદદ કરવાનો



(પ્રતિનિધિ) વડોદરા તા.16

ઈન્ડિયન રેલવેનાના વડોદરા ડિવિઝન દ્વારા મુસાફરોની સુવિધા વધારવા વડોદરા રેલવે સ્ટેશન પર નવી બેટરી-ઓપરેટેડ કાર્ટ (BOC) સેવા શરૂ કરવામાં આવી છે. આ સેવાનો શુભારંભ વડોદરાના સાંસદ હેમાંગ જોશીના હસ્તે કરવામાં આવ્યો હતો. 'આરકોન સારથી' નામની આ સેવા આરકોન કંપનીના અનુપમા ગુપ્તા અને ઋષિતા ગુપ્તાના સહયોગથી શરૂ થઈ છે.

આ પહેલ હેઠળ છ આધુનિક બેટરી સંચાલિત કાર્ટ તમામ પ્લેટફોર્મ અને સ્ટેશન વિસ્તારોમાં મુસાફરોને પિકઅપ-ડ્રોપ સેવા આપશે. પ્લેટફોર્મ નંબર 1થી 6 સુધી આ કાર્ટ સરળતાથી અવરજવર કરી શકશે. અગાઉની BOC સેવાઓ માત્ર પ્લેટફોર્મ નંબર 1 સુધી મર્યાદિત હતી, જ્યારે નવી સેવા તમામ પ્લેટફોર્મને આવરી લેશે. આ સેવા ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો, સગર્ભા મહિલાઓ અને અસ્વસ્થ મુસાફરો માટે ઉપયોગી બનશે. કાર્ટનો ઉપયોગ માત્ર મુસાફરોના પરિવહન માટે જ કરવામાં આવશે, સામાન માટે નહીં. સેવા 24 કલાક ઉપલબ્ધ રહેશે. આ પ્રસંગે વડોદરા ડિવિઝનના DRM રાજુ ભડકે, સિનિયર DCM નરેન્દ્રકુમાર, DRUCC સભ્ય ભરત ગુપ્તા, BRG ગ્રુપના CMD સરગમ ગુપ્તા સહિત રેલવેના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## RTEમાં પ્રથમ રાઉન્ડના અંતે ૪૧૦૫ બાળકોના વાલીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો

( પ્રતિનિધિ )વડોદરા,તા.16

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત વડોદરાની શાળાઓમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ પ્રવેશ પ્રક્રિયામાં શહેરમાંથી કુલ 4,347 જેટલા બાળકોના વાલીઓએ ઓનલાઈન અરજી કરી હતી. જે પૈકી 4105 બાળકોને પ્રવેશની ફાળવણી કરી દેવામાં આવી છે હવે બાકી રહેલી બેઠકો માટે બીજા રાઉન્ડની તૈયારી ચાલી રહી છે.


### વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

#### પાણી અંગેની અગત્યની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા શાખા દ્વારા ગાજરાવાડી STP પાસે હયાત ૬૦૦ મીમી વ્યાસની પાણીની નળિકાના જોડાણની કામગીરી **તા.૧૮.૦૫.૨૦૨૬ ને સોમવાર**ના રોજ હાથ ધરવાની હોઇ નાલંદા ટાંકી પરથી પાણી મેળવતા વિસ્તારોમાં તા.૧૮.૦૫.૨૦૨૬ ને સોમવારના રોજ સાંજનું પાણી વિતરણ થઇ શકશે નહિ અને **તા.૧૯.૦૫.૨૦૨૬ મંગળવાર**ના રોજ સવારનું પાણી વિતરણ નિયત સમય કરતા *વિલંબથી, હળવા દબાણથી તેમજ ઓછા સમય માટે કરવામાં આવશે, તથા ગાજરાવાડી ટાંકી* પરથી પાણી મેળવતા વિસ્તારોમાં તા.૧૮.૦૫.૨૦૨૬ ને સોમવારના રોજ સાંજનું પાણી વિતરણ અને તા.૧૯.૦૫.૨૦૨૬ મંગળવારના રોજ સવારનું પાણી વિતરણ નિયત સમય કરતા વિલંબથી, હળવા દબાણથી તેમજ ઓછા સમય માટે કરવામાં આવશે, આથી જાહેર જનતાએ નોંધ લેવા, જરૂરી પાણીનો જથ્થો સંગ્રહ કરવા તેમજ કામગીરીમાં સહકાર આપવા વિનંતી છે.

**પી.આર.ઓ નં:૮૧/૨૦૨૬-૨૭** કાર્યપાલક ઇજનેર (પા.પુ.શાખા )


# સયાજીબાગમાં સફેદ વાઘણ રાધાના ત્રીજા બચ્ચાનું પણ મોત

**48 કલાકમાં** બે મોત બાદ આઇસોલેશનમાં જિંદગીની જંગ લડી રહેલા છેલ્લા નવજાત બચ્ચાએ પણ દમ તોડ્યો

(પ્રતિનિધિ) વડોદરા. તા.16

વડોદરાના ઐતિહાસિક સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી વન્યજીવ પ્રેમીઓ માટે અત્યંત દુઃખદ અને આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. ઝૂમાં તાજેતરમાં સફેદ વાઘણ 'રાધા'એ ત્રણ બચ્ચાઓને જન્મ આપ્યો હતો, પરંતુ કમનસીબે ત્રણેય નવજાત બચ્ચાઓના મોત નીપજ્યા છે. શરૂઆતના 48 કલાકમાં બે બચ્ચાઓના મોત થયા બાદ ત્રીજા બચ્ચાને બચાવવા ઝૂ પ્રશાસન અને પશુચિકિત્સકો દ્વારા દિવસ-રાત એક કરી પ્રયાસો કરવામાં આવ્યા હતા, છતાં અંતે તે પણ જિંદગીની જંગ હારી ગયું હતું. આ ઘટનાને પગલે સમગ્ર ઝૂ સ્ટાફ અને વડોદરાના પ્રકૃતિપ્રેમીઓમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.

ઝૂ સત્તાધિકારીઓના જણાવ્યા મુજબ, સફેદ વાઘણ 'રાધા'એ ત્રણ સ્વસ્થ બચ્ચાઓને જન્મ આપતા ઝૂમાં આનંદનો માહોલ છવાયો હતો. સફેદ વાઘોની મર્યાદિત સંખ્યાને કારણે આ જન્મને ખાસ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો હતો. જોકે, જન્મના થોડા જ કલાકોમાં બે બચ્ચાઓના એક પછી એક મોત થતાં ઝૂ પ્રશાસન દોડતું થઈ ગયું હતું.

ત્રીજા બચ્ચાની હાલત નાજુક જણાતા તેને માતાથી અલગ કરીને ખાસ કેર યુનિટમાં ખસેડવામાં આવ્યું હતું. અનુભવી પશુચિકિત્સકો અને નિષ્ણાત સ્ટાફ દ્વારા તેને આઈસોલેશનમાં રાખીને સતત સારવાર આપવામાં આવી રહી હતી. પ્રોટોકોલ મુજબ તમામ જરૂરી તબીબી સહાય પૂરી પાડવામાં આવી હોવા છતાં બચ્ચાને બચાવી શકાયું નહોતું.

ત્રણેય બચ્ચાઓના મોત બાદ માતા 'રાધા' પણ ગમગીન અને વ્યાકુળ જોવા મળી રહી છે. ઝૂના કીપર્સ તેની તબિયત અને માનસિક સ્થિતિ પર ખાસ નજર રાખી રહ્યા છે. સમગ્ર બનાવને કારણે કમાટીબાગ ઝૂનું વાતાવરણ ગમગીન બની ગયું છે.

બચ્ચાઓના મોત પાછળ કોઈ ઈન્ફેક્શન, જન્મજાત ખામી કે અન્ય તબીબી કારણ જવાબદાર છે કે નહીં તે જાણવા માટે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે. ઝૂ પ્રશાસને જણાવ્યું હતું કે, "બચ્ચાઓને બચાવવા માટે અમારી ટીમે સર્વોચ્ચ પ્રયાસો કર્યા હતા. આ નુકસાન સમગ્ર ઝૂ પરિવાર માટે મોટો આઘાત છે." વન્યજીવ સંરક્ષણ માટે આ ઘટનાને મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.


### દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ

CINU40102GJ2003SGC042909

ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી

મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

#### વીજપુરવઠો બંધ રેહવા

આથી અમારા અટાલી, વાગરા સબડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર સબડીવીઝન કચેરી / ૬૬ કેવી સબ સ્ટેશન નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવા માં આવશે, જેની જાહેર જનતા ને ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી ભેંસલી | ૧૧ કેવી વેગણી, ૧૧ કેવી સંભેટી, ૧૧ કેવી મોડેસ્ટ, ૧૧ કેવી સુવા, ૧૧ કેવી આરતી | અટાલી | ૯૨૧૩૦૧૦૦૧૮ | ૧૯-૦૫-૨૦૨૬ / મંગળવાર | ૦૮:૦૦ થી ૧૨:૩૦ |
| ૨ | ૬૬ કેવી વાગરા | ૧૧ કેવી તમામ ફીડર | વાગરા | ૮૯૮૦૮૦૩૯૨૦ | ૨૧-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૬:૦૦ થી ૧૩:૦૦ |

એમ.સી.બી / ઈ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો



### દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.

CIN:U40102GJ2003SGC042909

ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે,સં.નિ.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

#### વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનના સદર ફીડર પર જેટકો ઓફીસ દ્વારા તથા દ.ગુ.વી.જ.કં.લી દ્વારા લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવિઝન | ફોલ્ટ સેંટર નં | તારીખ -વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬કે.વી સજોદ | ૧૧ કે.વી માટીએડ જે.જી.વાય | અંકલેશ્વર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૨ | ૧૮-૦૫-૨૦૨૬ સોમવાર | ૦૮:૦૦ થી ૧૪:૦૦ |
| 2 | ૬૬ કે.વી સામોર | ૧૧ કે.વી સામોર જે.જી.વાય | ગડખોલ | ૦૨૬૪૬-૨૩૪૪૦૦ | ૧૮-૦૫-૨૦૨૬ સોમવાર | ૦૯:૩૦ થી ૧૭:૩૦ |
| 3 | ૬૬ કે.વી સામોર | ૧૧ કે.વી મોતાલી જે.જી.વાય | ગડખોલ | ૦૨૬૪૬-૨૩૪૪૦૦ | ૧૯-૦૫-૨૦૨૬ મંગળવાર | ૦૯:૩૦ થી ૧૭:૩૦ |
| 4 | ૬૬ કે.વી સેંગપુર | ૧૧ કે.વી પીપરોદ જેજીવાય | ગડખોલ | ૦૨૬૪૬-૨૩૪૪૦૦ | ૨૦-૦૫-૨૦૨૬ બુધવાર | ૦૯:૩૦ થી ૧૭:૩૦ |
| 5 | ૬૬ કે.વી નેત્રંગ | તમામ ૧૧ કેવી ફીડરો | નેત્રંગ | ૭૪૩૪૦૧૭૪૩૦ | ૨૧.૦૫.૨૦૨૬ ગુરૂવાર | ૦૭.૦૦ થી ૧૪.૦૦ |

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર(સં.નિ.),ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.